## ભિલોડામાં દશેરા નિમિત્તે જલેબી ફાફડા, ચોરાફળીનું ધુમ વેચાણ

ભિલોડા,તા.૮

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં નવલી નવરાત્રીનું પર્વ પુર્ણ થતાં આજે દશેરાના પાવન પર્વ નિમિત્તે જલેબી,ફાફડા,ઉંધીયું, ચોરાફળીનું ધુમ વેચાણ થયું હતું. જાણે કે વેપારીઓને ઘી, કેળા થઈ ગયા હતા. અખાદ્ય ચીજ વસ્તુઓનું ધુમ વેચાણ પરંતુ વહીવટી તંત્ર કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યું હોય તેમ લોકમુખે ચર્ચાતુ હતું.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા ભરમાં ઠેર-ઠેર રાવણ દહનનો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. ભિલોડા તાલુકામાં દશેરાની ઉજવણી ઠેર-ઠેર કરાઈ હતી.આસુરી શક્તિ સામે દેવી શક્તિના વિજયના પર્વને ઉજવવા ફાફડા, જલેબી, ઉંધીયું,ચોરાફળી પ્રજાજનોએ લાખ્ખો રુપિયાના આરોગ્યા હતા. ફાફડા અને જલેબીના ભાવોમાં ધરખમ ભાવ વધારો જોવા મળ્યો હતો. ફાફડા-જલેબી અને ચોરાફળી ખરીદવા માટે ઠેર-ઠેર સ્ટોલો ઉપર કતારો લાગી હતી. મોંઘવારીનું ગ્રહણ ભુલીને પ્રજાજનોએ ફાફડા-જલેબીની જયાફત ઉડાવી હતી. દશેરાના પર્વને શુભ દિવસ માનવામાં આવે છે ત્યારે વાહનો, ઘર, ઓફીસની ખરીદી પ્રજાજનોએ હોંશે હોંશે કરી હતી. દશેરાના પાવન પર્વને કાયમી યાદગાર પ્રજાજનો બનાવી દેતા હોય છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં દશેરાના પાવન પર્વ નિમિત્તે ઠેર-ઠેર ફરસાણની નાની-મોટી દુકાનોમાં જલેબી, ફાફડા, ઉંધીયું, ચોરાફળીની ખરીદી કરવા વહેલી સવારથી જ કતારો લાગી હતી.

# મોડાસામાં તસ્કરોએ વિજય મુહર્ત સાચવ્યું

### જૈન દેરાસર વિસ્તારમાં પરિવારજનો ઘરમાં ઉંઘતા રહ્યા ચોરોએ ૧ લાખથી વધુની લૂંટ ચલાવી

મોડાસા, તા. ૮

નવરાત્રીની રમઝટ વચ્ચે તસ્કરોના તરખાટે મોડાસા શહેર પોલીસતંત્રને ગરબે રમતા કરી દીધી હતી. હિન્દુ ધર્મમાં શુભ કાર્ય માટે હંમેશા લોકો શુભ મુહર્તની રાહ જોતા હોય છે તસ્કર ટોળકી અને ચોરી લૂંટારુ ગેંગ પણ જાણે શુભ મુહર્તની રાહ જોતી હોય તેમ દશેરાના દિવસે મોડાસા શહેરના જૈનદેરાસર વિસ્તારમાં એક મકાનમાં પરિવાર ઘસઘસાટ ઉંઘતો રહ્યો અને તસ્કરોએ ત્રાટકી ૧ લાખ રૂપિયાથી વધુની લૂંટ ચલાવી રફુચક્કર થઈ જતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા શહેરમાં ચોર, લૂંટારુ અને ઘરફોડિયા ગેંગ સામે પોલીસતંત્રએ જાણે ઘૂંટણિયા ટેકવી



દીધા હોય તેમ બિન્દાસ્ત રહેણાંક મકાનોમાં ત્રાટકી લૂંટની ઘટનાને અંજામ આપી રહી છે. પોલીસતંત્ર રાબેતા મુજબ કામગીરી કરી સંતોષ માની રહી હોય તેવું નગરજનો અહેસાસ અનુભવી રહ્યા છે.

મોડાસા શહેરના પરબડી વિસ્તારમાં આવેલ જૈન દેરાસરમાં સમાચાર પત્રોની એજન્સી ધરાવતા જયેશ ગાંધીના મકાનમાં નવરાત્રીના નવમાં નોરતે ઘરમાં ઘસઘસાટ પરિવાર ઉંઘતો હતો અને બહારથી દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશી ઘરમાં તિજોરી અને કબાટમાં તોડફોડ કરી સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી એક લાખ રૂપિયાથી વધુની લૂંટ ચલાવી રફુચક્કર થઈ ગયા હતા. પરિવારજનો ઉઠીને બીજા રૂમમાં જોતા ચોરી થયાની ખબર પડતા મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા શહેરના જૈનદેરાસર વિસ્તારમાં તસ્કરોએ લૂંટની ઘટનાને અંજામ અપાતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો મોડાસા ટાઉનપોલીસના નાઈટ પેટ્રોલિંગના દાવાઓ પોકળ બની રહેતા લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

## ધનસુરામાં દશેરાના શુભ મુહુર્તમાં બજાર ઉભરાયા

દશેરાનો દિવસ વણજોયા મુહૂર્ત તરીકે ઓળખાય છે. દશેરાનો દિવસ શુભ કામ માટે ખૂબ મહત્વપૂર્ણ દિવસ માનવામાં આવે છે.





આ દિવસને લોકો શુભ કાર્ય માટે પસંદ કરે છે. લોકો આ દિવસે વાહન, મકાન, ટીવી, ફ્રીઝ, સોના-ચાંદીની ખરીદી કરે છે. ત્યારે અરવલ્લીના ધનસુરામાં પણ લોકોએ દશેરાના શુભ મુહુર્તમાં ખરીદી કરી હતી. લોકોએ વાહન, ટીવી, ફ્રીઝ મોબાઈલ અને સોના-ચાંદીની ખરીદી કરી હતી. ધનસુરામાં આજે વાહન, ટી.વી, ફ્રીઝ અને સોના-ચાંદીની દુકાનોમાં મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે આવ્યા હતા. દશેરાના દિવસે લોકો મોટી સંખ્યામાં ખરીદી કરતા હોય છે. ત્યારે આ દિવસે વેપારીઓ ધ્વારા અનેક ડિસ્કાઉન્ટ સ્કીમો પણ રાખવામાં આવે છે.

## શામળાજી પોલીસે ટ્રકમાં દવાના બોક્સની આડમાં વિદેશી દારૂ ઘુસાડવાનો કીમિયો નિષ્ફળ બનાવ્યો

શામળાજી, તા. ૮

રાજસ્થાનમાંથી રતનપુર ચેકપોસ્ટ પરથી મોટા પ્રમાણમાં



ગુજરાતમાં વિદેશી દારૂ ઠાલવવામાં આવે છે. બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા અવનવા કીમિયા અપનાવતા હોય છે. શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા પોલીસ નાકાબંધી જોઈ ટ્રક રોડ નજીક રાખી નાસી જતા બિનવારસી ટ્રકમાંથી શામળાજી પોલીસે દવાની આડમાં અને લોખંડની પાઈપો નીચે સંતાડેલ રૂ.૧૪.૫૪ લાખનો વિદેશી દારૂ સહીત કુલ રૂ.૩૮.૮૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પીએસઆઈ સંજય શર્મા અને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ નજીક વેણપુર ગામની સીમમાં નાકાબંધી કરી





રાજસ્થાન તરફથી આવતા નાના-મોટા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતાં વેણપુર ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતી ટ્રક (ગાડી.નં-આરજે.૩૧. જીએ.૬૦૯૬)નો ચાલક અને ક્લીનર ટ્રક મૂકી નાસી છૂટતા પોલીસે રોડ નજીક પડેલી ટ્રકમાંથી દવાના બોક્સ, રોલ અને લોંખડની પાઈપો હટાવતા નીચેથી વિદેશી દારૂની પેટી-૩૦૩ કુલ બોટલ નંગ-૩૬૩૬ કીં. રૂ. ૧૪૫૪૪૦૦ તથા લોંખડ પાઈપનો જથ્થો કીં. રૂ.૧૪૩૧૭૩૬ અને ટ્રકની કીં. રૂ.૧૦૦૦૦૦૦ મળી કુલ રૂપિયા ૩૮૮૬૧૩૬નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર ટ્રક-ક્લીનર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ભિલોડા મહાકાલી માતાના મંદિરે નવચંડી હવન યોજાયો

ભિલોડા,તા.૮

ભિલોડા તાલુકા મથક ખાતે હાથમતી નદી કિનારે નયનરમ્ય વાતાવરણમાં શ્રી મહાકાલી માતાના મંદીરે આસો સુદ નોમના દિવસે નવચંડી હવન યોજાયો હતો. નવચંડી હવન રંગેચંગે, દબદબાભેર, ભક્તિભાવ પુર્વક સંપન્ન થયો હતો.

આસો સુદ નોમના દિવસે યોજાતા નવચંડી હવન નિમિત્તે સાંજે નવચંડી હવનમાં શ્રીફળ હોમી નવચંડી હવનની પર્ણાહુતિ કરાઈ હતી. દર્શનાર્થે શ્રધ્ધાળુ માંઈ ભક્તો ઉમટ્યા હતા. દર્શનાર્થીઓએ મહા પ્રસાદીનો લાભ લીધો હતો. શ્રી મહાકાલી સેવા ટ્રસ્ટ ટ્રસ્ટી ભરતભાઈ ત્રિવેદી, રોહિતભાઈ ત્રિવેદી સહિત સેવાભાવી કાર્યકરો, ગ્રામજનો ધ્વારા નવચંડી હવનના કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# બાયડ વિધાનસભા પેટા ચૂંટણી ભાજપમાં ગાબડું પાડી કોંગ્રેસે હિસાબ સરભર કર્યો

### ૧૫૦થી વધુ ભાજપના કાર્યકરોએ કેસરિયો છોડી કોંગ્રેસનો પંજો ઝાલ્યો

બાયડ, તા. ૮

બાયડ વિધાનસભાની પેટા ચૂંટણીમાં જંગ જીતવા ભાજપ અને કોંગ્રેસ એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. ભાજપે માલપુર ખાતે ૧૫૦ કોંગ્રેસીઓને ખેસ પહેરાવી કોંગ્રેસમાં ગાબડું પાડતા કોંગ્રેસે પણ ભાજપના કાંગરા ખેરવતા હોય તેમ પ્રદેશ નેતા અને ધારાસભ્ય બળદેવજી ઠાકોરની ઉપસ્થિતિમાં શિસ્ત બદ્ધ પાર્ટી ગણાતી ભાજપના ૧૫૦થી વધુ કાર્યકરોએ કેસરિયો છોડી પંજાનો હાથ પકડાતા કોંગ્રેસે જાણે હિસાબ સરભર કરી લીધો હોય તેમ કોંગ્રેસ અગ્રણીઓ અને કાર્યકરોએ ભાજપમાં ગાબડું પાડતા ઉત્સાહિત બન્યા હતા. ભાજપમાં ધમાચકડી મચી ગઈ હતી અને કોંગ્રેસ વધુ ગાબડાં ન પાડે તે માટે ડેમેજ કંટ્રોલમાં લાગી ગઈ છે.

વિજયાદશમી પર્વના દિવસે કોંગ્રેસના ઉમેદવાર જશુભાઈ પટેલના કાર્યાલયનો પ્રારંભ શક્તિ પ્રદર્શન સાથે કર્યો હતો. કોંગ્રેસના પ્રદેશ અગ્રણી અને જીલ્લાના કોંગ્રેસી અગ્રણીઓની ઉપસ્થિતિમાં ૧૫૦થી વધુ કાર્યકરો ભાજપને રામ રામ કરી કોંગ્રેસમાં જોડાતા કોંગ્રેસના આગેવાનોએ





તમામ કાર્યકરોને આવકાર્ય હતા. ભાજપના ૧૫૦થી વધુ કાર્યકરો કોંગ્રેસમાં જોડાતા. કોંગ્રેસના ઉમેદવાર જશુભાઈ પટેલ સહીત કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો ગેલમાં આવી ગયા હતા.

બાયડ વિધાનસભા પેટા ચૂંટણીમાં કોંગ્રેસની પરંપરાગત ગણાતી બેઠક જાળવી રાખવા કોંગ્રેસે જાતિવાદની રાજનીતિમાંથી બહાર આવી લોકચાહના ધરાવતા જશુભાઈ પટેલને ટિકિટ આપી છે. કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો બાયડ-માલપુર તાલુકાના ગામડાઓ ખૂંદી રહ્યા છે, બીજીબાજુ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાની સીધી નજર હેઠળ બાયડ વિધાનસભા પેટા ચૂંટણી જીતી લેવા ભાજપ એડી ચોટીનું જોર લગાવી કાર્યકર્તાઓની મોટી ફોજ ચૂંટણી પ્રચારમાં લગાવી દીધી છે. રાજકીય અગ્રણીઓના જણાવ્યા અનુસાર ભાજપ સામે કોંગ્રેસે સમક્ષ ઉમેદવાર ઉતારતા જંગ બરાબરીનો જામ્યો છે અને ભાજપ-કોંગ્રેસના કાર્યકરોની બંને પક્ષમાં આવન-જાવન યથાવત રહેશે ચૂંટણીમાં કાર્યકરોનો પક્ષ પલટો હવે સામાન્ય બની રહ્યું છે. ભાજપ-કોંગ્રેસ બાયડ વિધાનસભા બેઠક કબ્જે કરવા શામ, દામ અને દંડની નીતિ અપનાવી શકે છે.

## ડીસામાં વિવિધ સંસ્થાઓ દ્વારા જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર

ડીસા, તા. ૮

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં છેલ્લા ઘણા સમયથી ગુનાખોરીની ઘટનાઓમાં



નોંધપાત્ર વધારો થયો છે, જેને લઈ શહેરીજનોમાં પોલીસની કામગીરી પ્રત્યે પણ નારાજગી જોવા મળી રહી છે. તાજેતરમાં જ ડીસાના એક વેપારીનું સાઈઠ લાખની ખંડણી મામલે અપહરણ કરવામાં આવ્યું હતું જોકે આ ખંડણીખોરમાંથી બે આરોપીઓને પોલીસે તાત્કાલિક ઝડપી લીધા હતા પરંતુ હજુ કેટલાક આરોપીઓ પોલીસ પકકડથી દુર હોઈ ડીસાની વિવિધ સંસ્થાઓ અને વેપારી વર્ગમાં રોષ વ્યાપી જવા પામ્યો છે. જેથી જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપી આ તમામ આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડવાની રજુઆત કરી હતી.

ડીસામાં ગત તારીખ ૨૯ સપ્ટેમ્બરના રોજ અંકુરભાઈ અગ્રવાલનું રત્નપાર્ક નજીકથી કેટલાક શખ્સો દ્વારા અકસ્માતના બહાને પ્લાનિંગપૂર્વક અપહરણ કરાયું હતું જે મામલે પોલીસે એક્સન લેતા બે આરોપી પોલીસના સકંજામાંમાં આવી ચુક્યા હતા જયારે અન્ય આરોપીઓ હજુ સુધી પક્કડથી દૂર છે. જે બાબતને લઈને સમગ્ર સમગ ડીસા શહેરના વેપારી વર્ગમાં ભયનો માહોલ ફેલાયો છે. ગઈકાલે નવ નિયુક્ત જિલ્લા પોલીસ વડા ડીસા તાલુકા પોલીસ મથકે આવતા વિવિધ સંસ્થાઓ જેવી કે સ્ત્રી સમાજ, ભારત વિકાસ પરિસદ, કરિયાણા મરચન્ટ એસોસિએશન, અગ્રવાલ સમાજ સેવા ટ્રસ્ટ, રોટરી ક્લબ, સહયોગ સેવા ટ્રસ્ટ સહિતની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારોએ ડીસા ધારાસભ્ય શશીકાંત પંડ્યાની ઉપસ્થિતિમાં જિલ્લા પોલીસ વડાને આવેદન પત્ર પાઠવી અન્ય આરોપીઓને ઝડપી પાડવાની રજુઆત કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ વડાએ પણ આ અપહરણ કેશમાં સંડોવાયેલ તમામ આરોપીઓને તાત્કાલિક ધોરણે ઝડપી પાડવાની ખાતરી આપી હતી.



### પાલનપુરમાં શોભાયાત્રા બાદ રાવણ દહન

પાલનપુરમાં મંગળવારે દશેરા પર્વ નિમિત્તે ભગવાન શ્રીરામની શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. શ્રીરામ સેવા સમિતિ, ભગવા સ્વયંસેવક સંઘ, શિવસેના, વિશ્વ હિંદુ પરિષદ તથા રાષ્ટ્રવાદી યુવા વાહિની દ્વારા આયોજીત શોભાયાત્રાનો રૂટ બદલવામાં આવ્યો હતો. જે મુજબ લક્ષ્મણટેકરીથી શરૂ થઈ દિલ્હીગેટ, પથ્થર સડક, મોટીબજાર, નાની બજાર, છુવારાફળી, ત્રણબત્તી, ખોડા લીમડા, હનુમાન શેરી, ગઠામણ ગેટ, સંજયચોક, દિલ્હીગેટ, સ્ટેશન રોડ, કિર્તિસ્તંભ, સીટીલાઈટથી ગુરૂનાનક ચોકનું પરિભ્રમણ કરી રામલીલા મેદાનમાં પહોચી હતી. જ્યાં રાવણનું દહન કરવામાં આવ્યું હતુ. જ્યાં મોટી સંખ્યામાં લોકોએ આતશબાજીનો આનંદ માણ્યો હતો.

## હાઈકોર્ટેની પ્રમોશન ટેસ્ટનું પરિણામ 'શૂન્ય'...તમામ ૧૧૯ ડિસ્ટ્રીક્ટ જજો ફેલ

અમદાવાદ,તા.૮

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં ગુજરાત રાજયના ૧૧૯ ડિસ્ટ્રીક્ટ જજો અને ૧,૩૭૨ વકીલોનો પ્રમોશન ટેસ્ટ લીધો હતો જેમાં તમામ ૧૧૯ જજ તેમજ વકીલો ફેલ થયા હતા.

ગુજરાત હાઈકોર્ટે લેખિત પરીક્ષાનાં પરિણામો જાહેર કર્યાં હતાં જે 'શૂન્ય' હતાં. એટલે કે તમામ જજ અને વકીલો પ્રમોશન ટેસ્ટમાં ફેલ થયા હતા. ગુજરાત હાઈકોર્ટના પોર્ટલ પર જણાવાયા મુજબ આ ૧૧૯માંના ૫૧ જજ જુદી જુદી અદાલતોમાં ફરજ બજાવી રહ્યા હતા. ચાલુ વર્ષના જૂનના રિપોર્ટ મુજબ આમાંના કેટલાક જજ પ્રિન્સિપાલ જજ કે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવી રહ્યા હતા.

નિયમ મુજબ હાઈકોર્ટે વિવિધ જિલ્લા કોર્ટમાં ખાલી પડેલાં ૬૫ ટકા સ્થાનોમાં સિનિયર સિવિલ જજોને નિયુક્ત કર્યા હતા. બાકી રહેલાં ૩૫ ટકા સ્થાનોમાંના ૨૫ ટકામાં વકીલો અને ૧૦ ટકામાં એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજોનવી પસંદગી કરવાની હતી. ખાલી રહેલા કુલ ૪૦ સ્થાનોમાંથી ૨૬ સ્થાનો પર પ્રેક્ટિસ કરી રહેલા વકીલોને લેવાના હતા અને ડિસ્ટ્રીકર્ટ જજના ખાલી પડેલાં ૧૪ સ્થાનો માટે ૧૧૯ જજો મેદાનમાં હતા. આ માટે જાહેરમાં અરજીઓ માગવામાં આવી હતી. એક ઓનલાઈન પરીક્ષામાં ૫૦ ટકા માર્ક મેળવનારા ૪૯૪ અરજદારોને હાઈકોર્ટે લેખિત પરીક્ષામાં બેસવાની મંજૂરી આપી હતી. પરંતુ લેખિત પરીક્ષામાં તમામ અરજદારો ફેલ થયા હતા એમ હાઈકોર્ટના પોર્ટલ પર જણાવાયું હતું. હાઈકોર્ટના રજિસ્ટ્રારક એચ ડી સુથારે કહ્યું હતું કે ચોથી ઑગસ્ટે લેખિત પરીક્ષા યોજવામાં આવી હતી. ૧૦ ટકા ક્વોટામાં પ્રમોશન માટે ફીડર કેડરના ૧૧૯ જજોએ આ લેખિત પરીક્ષા આપી હતી. કોઈ કહેતાં કોઈ જજ આ પરીક્ષામાં પાસ થયા નહોતા.

## કેનેડિયન વૂડે વૂડેક્સ એશિયા ૨૦૧૯માં સર્ટિફાઈડ સોફ્ટવૂડ લમ્બર પ્રદર્શિત કર્યું

ગાંધીનગરમાં આયોજિત વૂડેક્સ એશિયા ૨૦૧૯ એક્ઝિબિશનમાં પ્રેરક ડિસ્પ્લે બૂથમાં વેસ્ટર્ન હેમલોક, સ્પ્રૂસ-પાઈન-ફર (એસપીએફ), ડગ્લાસ ફર, વેસ્ટર્ન લાલ દેવદાર અને પીળું દેવદાર એમ વિવિધ પ્રકારનું કેનેડિયન વૂડ અને તેમાંથી બનેલી ચીજવસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. ૧૦૦ ટકા પીઈએફસી/એફએસસી સર્ટિફાઈડ કેનેડિયન વૂડ બી.સી., કેનેડામાંથી પ્રાપ્ત કરવામાં આવે છે. કેનેડા સર્ટિફાઈડ ફોરેસ્ટમાં વૈશ્વિક સ્તરે લીડર છે અને વિશ્વમાં લમ્બરનો સૌથી મોટો નિકાસકાર દેશ છે.

વૂડેક્સ એશિયામાં પ્રદર્શિત ચીજવસ્તુઓમાં દરવાજા અને એની ફ્રેમ, ઈન્ટેરિઅર પેનલિંગ, આધુનિક અને પરંપરાગત સોલિડ વૂડ ફર્નિચર સામેલ હતું, જે તમામ વેસ્ટર્ન હેમલોકમાંથી બન્યું હતું. ઉપરાંત પીળા દેવદારમાંથી બનેલી વિન્ડોનો સેટ, નેસ્ટિંગ ટેબલ, સ્પ્રૂસ-પાઈન-ફર (એસપીએફ)માં બનેલ લોંજર અને વેસ્ટરન લાલ દેવદારમાં બનેલ એક્ષ્ટેરિઅર ક્લેડિંગ પણ પ્રદર્શન માટે મૂકવામાં આવ્યાં હતાં.

ઉત્પાદકો, વેપારીઓ, આયાતકારો અને કોન્ટ્રાક્ટર્સ વિવિધ પ્રકારનાં કેનેડિયન વૂડની વિવિધતાથી પ્રભાવિત થયા હતાં અને ભવિષ્યમાં જુદી જુદી ઉપયોગિતાઓ માટે વૂડમાં ડિઝાઈન કરવા તેમની વિવિધ સંભવિતતા પ્રસ્તુત કરવામાં આવી હતી.

કેનેડિયન વૂડ લમ્બર સેમ્પલ્સ અને ટેકનિકલ માહિતી બૂથ અને એફઆઈઆઈનાં વૂડ નિષ્ણાતોની ટીમ પાસે ઉપલબ્ધ હતી, જેમણે મુલાકાતીઓને એમનાં પ્રોજેક્ટ કે પ્રોડક્ટ લાઈનમાં વિવિધ કેનેડિયન વૂડનો શ્રેષ્ઠ ઉપયોગ કેવી રીતે કરવો એનાં પર જાણકારી આપી હતી. આ વન-ઈન-વન ઈન્ટરેક્શનથી મુલાકાતીઓ યોગ્ય કેટેગરી, ગ્રેડ અને સાઈઝનું લમ્પર પસંદ કરવાથી વાકેફ થયા હતાં, જેનો આધાર લાકડાનાં ઈચ્છિત અંતિમ વપરાશ પર છે.

### એલર્ટ જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા મહિને શક્તિશાળી વિસ્ફોટકોથી સજ્જ બે ડ્રોન વિમાન મારફતે વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોની હત્યા કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કુખ્યાત ત્રાસવાદી સંગઠન ઈસ્લામિસ સ્ટેટે ૨૦૧૪માં ડ્રોનનો ઉપયોગ કરીને ઘણા ઓપરેશનને પાર પાડ્યા હતા. ભારતીય સરહદમાં પાકિસ્તાની ડ્રોન ઘુસી જવાની ઘટના પ્રથમ વખત સપાટી પર આવી નથી.

### ઘોડાપુર ઉમટ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાનો પણ અંદાજ છે. રૂપાલના પલ્લી મેળામાં ભાવિકોની સલાતમીને ધ્યાને લઈ પુરતો પોલીસ બન્દોબસ્ત પણ નજરે પડતો હતો. રૂપાલના ગ્રામજનો ઉપરાંત ગાંધીનગર , અમદાવાદ , વડોદરા, સુરત સહીત વિવિધ શહેરોમાંથી ભાવિકો દર્શન માટે આવ્યા હતા. જયારે વિદેશમાંથી આવેલા ભાવિકોએ પણ દર્શનનો લાભ લીધો હતો. માતાજીની દિવ્ય પલ્લી રથને અનુલક્ષી વિવિધ ઠેકાણે સી સી કેમેરાની વોચ પણ ગોઠવવામાં આવી હતી. જયારે વિવિધ ઠેકાણે પાર્કીંગ માટે પણ વ્યવસ્થા કરાઈ હતી. આ ઉપરાંત વાહનચાલકોને યોગ્ય બસ સેવા મળી રહે તેવુ પણ આયોજન કરાયુ હતુ. રૂપાલ વરદાયિની માતાના પલ્લી રથની દિવ્ય જયોતના દર્શન ભાવિકો આગામી પુનમ સુધી વરદાયિની મંદિરના સંકુલમાં કરી શકશે.

### પ્રથમ રાફેલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિષ્ણાતોના કહેવા મુજબ આ વિમાન ગેમચેન્જર સાબિત થશે અને આવનાર સમયમાં પાકિસ્તાની એરફોર્સ ઉપર ખુબ દબાણ વધારશે. પાકિસ્તાની એરફોર્સને એક રાફેલને રોકવા માટે હવે બે એફ-૧૬ વિમાન મુકવા પડશે જ્યારે હજુ સુધી ભારતને એક એફ-૧૬ને રોકવા માટે બે સુખોઈ વિમાનને ગોઠવવાની ફરજ પડતી હતી. ઈન્ડિયન એરફોર્સના પૂર્વ ચીફ ટીપનિસનું કહેવું છે કે, જો એરફોર્સની પાસે ફેબ્રુઆરી મહિનામાં જ બાલાકોટ હુમલા વેળા રાફેલ રહ્યું હોત તો પાકિસ્તાનના ઓછામાં ઓછા ૧૨ એફ-૧૬ વિમાનોને ફૂંકી શકાયા હોત. ભારતે રાફેલની સ્કોડ્રોનને ગોલ્ડન એરો નામ આપ્યું છે. આને શરૂઆતમાં હરિયાણા અને બંગાળના એરબેઝ ઉપર તૈનાત કરવામાં આવશે. સંરક્ષણમંત્રીએ આ વિમાન મેળવી લીધા બાદ ખુશખુશાલ દેખાયા હતા.

### મંદીની અસરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બજારના સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે દ્વિચક્રી વાહનોમાં ફરજીયાત હેલ્મેટ આપવાના સરકારના નિર્ણય ઉપરાંત આગામી દિવસોમાં પોલ્યુશન ફ્રી દ્વિચક્રી વાહનો બજારમાં આવશે તે હજુ થોડાક મોંઘા હશે. સોના-ચાંદીના બજારોમાં પણ મંદીની અસરો જોવા મળી હતી. આ ઉપરાંત રિઅલ એસ્ટેટના બજારમાં પણ નવા આવાસોના બુકિંગમાં તેમજ ખરીદીમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. નવા સોદાઓ પણ પ્રમાણમાં ઘણા ઓછા થયા હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

## અરજીકર્તાનો ઘટસ્ફોટ: 'અલ્પેશે મારા જ વકીલ સાથે મળીને મારી સામે ષડયંત્ર રચ્યું'

અમદાવાદ,તા.૮

અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલા વિરુદ્ધ હાઈકોર્ટમાં અરજી કરનાર સુરેશ સિંઘલે અલ્પેશ ઠાકોર અને પોતાના વકીલ ઉપર સનસનીખેજ આરોપ લગાવ્યો હતો. સુરેશ સિંઘલે કહ્યું કે, અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાએ મારા જ વકીલ સાથે મળીને મારી સામે ષડયંત્ર રચ્યું છે. કોગ્રેંસમાંથી પક્ષપલટો કરીને ભાજપમાં જોડાયેલા અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાને પેટા ચૂંટણી લડવા દેવાના વિરોધમાં હાઈકોર્ટમાં સુરેશ સિંઘલ દ્વારા અરજી કરાઈ હતી.

અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલા સામે સુરેશ સિંઘલે ગંભીર આરોપ લગાવવામાં આવ્યા છે. સુરેશ સિંઘલે અલ્પેશ અને ધવલસિંહ પર હાઈકોર્ટમાં પિટિશન કરનારને લાલચ આપવાનો સનસનીખેજ આરોપ લગાવ્યો છે. આ સિવાય સમાજના નામે રાજકીય રોટલા શેક્યાના આરોપ લગાવી રાજનીતિમાં ભૂકંપ લાવી દીધો છે.

સુરેશ સિંઘલે કરેલી અરજીમાં એડવોકેટ ધર્મેશ ગુર્જરે એવી દલીલ કરી હતી કે, આગામી ૨૧મી ઓકટોબરે યોજાનારી રાધનપુર અને બાયડની બે બેઠક પર અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાની ઉમેદવારી રદ થવી જોઈએ. બન્નેને ગેરલાયક ઠેરવવા વિધાનસભા અધ્યક્ષ પાસે કોગ્રેંસની અરજી પેન્ડિંગ છે.